તા. ૦૩.૦૯.૨૦૨૪

ગુજરાત સમાચાર, પાના નં. ૧૪

જન્મદિવસ સહિતના કાર્યક્રમમાં ભાગ લેવા

# PM મોદી ૧૬-૧૭ સપ્ટેમ્બરે ગુજરાતની મુલાકાતે આવશે

ગાંધીનગર, સોમવાર

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે ગુજરાતની બે દિવસની મુલાકાતે આવી રહ્યાં છે. તેઓ ૧૬મીથી ત્રણ દિવસ સુધી ગાંધીનગરના મહાત્મા મંદિરમાં શરૂ થતી ગ્રીન એનર્જી સમિટમાં હાજર રહેશે, એ ઉપરાંત મેટ્રોરેલના બીજા તબક્કાનું લોકાર્પણ સહિત બીજા કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે.

## ગ્રીન એનર્જી સમિટ, મેટ્રોરેલ લોકાર્પણ, સેવા સેતુ, પાર્ટી ફંક્શનમાં હાજર રહેશે

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ ન્યૂ એન્ડ રિન્યૂએબલ એનર્જીના ઉપક્રમે ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ૧૬થી ૧૮ સપ્ટેમ્બરે ચોથી ગ્લોબલ રી-ઈનવેસ્ટ રિન્યૂએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મિટ એન્ડ એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન આ સમિટનું અધ્યક્ષસ્થાન સંભાળશે.

વડાપ્રધાન તેમની મુલાકાત દરમ્યાન અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલના બીજા તબક્કાના પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે. એ ઉપરાંત ગિફ્ટ સિટીમાં પણ તેમના કાર્યક્રમો ઘડાઈ રહ્યાં છે. તેમના જન્મદિન ૧૭મી સપ્ટેમ્બરે મોદી સેવા સેતુ કાર્યક્રમ જાહેર કરશે. તેઓ પાર્ટીના કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેવાના છે.

મોદી ગુજરાતમાં અલગ અલગ કાર્યક્રમોમાં હાજરી આપશે. એટલું જ નહીં, ગ્રીન એનર્જી સમિટમાં પણ તેઓ અધ્યક્ષતા કરશે.